ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/4048-83
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૧/૧૦/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯ થી ૧૨ના ગુજરાતી (FL)માં સ્વતંત્ર લેખન સુધારણા પદ્ધતિને બદલે નિયમ પદ્ધતિનો અમલ કરવા અંગેના કાર્યક્રમનું 'વંદે ગુજરાત' ચેનલ નં-૯ પર પ્રસારણ કરવા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૩૫૩૧-૬૫, તા.૨૬/૧૨/૨૦૨૫.
(૨) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૬૭૮-૨૭૧૨, તા.૩૧/૭/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭થી ધોરણ-૯ થી ૧૨ના ગુજરાતી(પ્રથમ ભાષા)માં સ્વતંત્ર લેખન સુધારણા પદ્ધતિને બદલે નિયમ પદ્ધતિનો અમલ કરવા અંગે શિક્ષણ વિભાગના તા.૧૭/૧૨/૨૦૨૫ના પત્રથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૧) અને (૨) દર્શિત પત્રથી ગુજરાતી ભાષાના ઈ-ઈ અને ઉ-ઊ ના જોડણીના ૩૦ નિયમો તેમજ તેનો અમલ કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ આપને મોકલી આપવામાં આવેલ હતી. ઉક્ત બાબતે શિક્ષકોને જરૂરી માર્ગદર્શન પૂરુ પાડી શકાય તે હેતુ ઉક્ત જોડણીના ૩૦ નિયમો તેમજ તેનો અમલ કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓનું તજજ્ઞશ્રીઓ દ્વારા વિડીયો રેકોર્ડીંગ કરવામા આવેલ છે.

સદર બાબત શિક્ષકોને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે ઉક્ત વિડીયો રેકોર્ડીંગ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની YouTube ચેનલ 'GSHSEB Gandhinagar' પર અપલોડ કરવામાં આવેલ છે. આ ઉપરાંત, ઉક્ત વિડીયો રેકોર્ડીંગનું BISAGના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ નં.૯ પર પણ પ્રસારણ કરવામાં આવનાર છે. જેના પ્રસારણનું સમયપત્રક નીચે મુજબ છે.

ક્રમ.	વિગત	તારીખ	સમય	
			પ્રસારણ	પુનઃ પ્રસારણ
૧.	જોડણીના ૩૦ નિયમો તેમજ તેનો અમલ કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ.	૨૩/૧૦/૨૦૨૬	સવારે ૯:૦૦ કલાકે	બપોરે ૧૨:૦૦, ૧૫:૦૦ અને ૧૮:૦૦ કલાકે

ઉપરોક્ત વિગતો મુજબ આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉક્ત પ્રસારણ નિહાળે તે માટે જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

પ્રતિ,
આચાર્યશ્રી,
મા. અને ઉ.મા શાળાઓ તમામ,
જિ. વડોદરા.

રવાના ભણો નથા અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.